# 7th India-EU Foreign Policy & Security Consultations

October 22, 2020

# 7માં ભારત-યુરોપીયન યુનિયન વિદેશ નીતિ અને સુરક્ષાનાં પરામર્શો

ઓક્ટોબર 22, 2020

1. 7માં ભારત-યુરોપીયન યુનિયન વિદેશ નીતિ અને સુરક્ષાનાં પરામર્શો વર્ચ્યુઅલ ફોર્મેટમાં 22 ઓક્ટોબર 2020 નાં રોજ યોજવામાં આવ્યા હતા. આ પરામર્શોની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયનાં સચિવ (પશ્ચિમ) શ્રી વિકાસ સ્વરૂપ, અને યુરોપીયન એક્સટર્નલ એક્શન સર્વિસનાં રાજકીય બાબતોનાં ઉપ મહા સચિવ/રાજકીય નિર્દેશક શ્રી એનરિક મોરાએ કરી હતી.

2. આ પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ જુલાઈ 2020 માં યોજાયેલ 15માં ભારત-યુરોપીયન યુનિયન શિખર સંમેલન દ્વારા ભારત-યુરોપીયન યુનિયન સંબંધમાં પ્રદાન કરેલા નવા રાજકીય વેગની સંતોષ સાથે નોંધ લીધી હતી. તેઓએ શિખર સંમેલનમાં લેવામાં આવેલા નિર્ણયોની સમીક્ષા કરી હતી અને "ભારત-યુરોપીયન યુનિયન સ્ટ્રેટેજીક પાર્ટનરશિપ: એ રોડમેપ ટુ 2025" નું અમલીકરણ કરવાની તેઓની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેઓએ સાયબર સુરક્ષા; કાઉન્ટર ટેરરિઝમ; મેરિટાઈમ સુરક્ષા; અને નિઃશસ્ત્રીકરણ તેમજ અપ્રચાર સહિત ભારત અને યુરોપીયન યુનિયન વચ્ચેની વિવિધ સંસ્થાકીય યંત્રણાઓની કામગીરીની સમિક્ષા કરી હતી અને ભારત-યુરોપીયન યુનિયન સુરક્ષા ભાગીદારી હેઠળ સહકાર વધારવાની સંભાવનાઓ તપાસી હતી.

3. બન્ને પક્ષોએ આરોગ્યસંભાળ, વૈશ્વિક પૂરવઠા શૃંખલા સ્થિતિસ્થાપકતા, સુધારેલ બહુપક્ષીયતા અને ગ્રીન સંક્રમણનાં ક્ષેત્રો સહિત કોવિડ-બાદનાં વિશ્વમાં ભારત-યુરોપીયન યુનિયન વ્યૂહાત્મક ભાગીદારી વધારે મજબૂત કરવા માટેની તકો પર ચર્ચા કરી હતી. તેઓએ વૈશ્વિક આર્થિક રીકવરી પ્રયાસો માટે ભારત-યુરોપીયન યુનિયનની અગત્યતાની પણ નોંધ લીધી હતી અને આ સંદર્ભમાં, વહેલી તારીખે વ્યાપાર અને રોકાણો પર ઉચ્ચ સ્તરીય સંવાદ યોજવા સંમત થયા હતા. બન્ને પક્ષો ભારત-યુરોપીયન યુનિયન કનેક્ટિવિટી પાર્ટનરશીપ પરની ચર્ચાઓ ઝડપી બનાવવા અને સાયબર સુરક્ષા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિત ડિજિટલ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહકાર વધારે મજબૂત કરવા પણ સંમત થયા હતા.

4. બન્ને પક્ષોએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પરનાં દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું અને 2021 માં પોર્તુગલમાં યોજાનાર આગામી ભારત-યુરોપીયન યુનિયન 27 નેતાઓની બેઠક માટે નજીકનો સહકાર જાળવી રાખવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 22, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.